# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૦૮/૦૪/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા આજરોજ કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો.હર્ષ વર્ધનને તમામ વયના ઔદ્યોગિક કારીગરોને વેક્સીનેશન પૂરૂ પાડવા રજૂઆત કરવામાં આવી

સુરત. આજરોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ડૉ.હર્ષ વર્ધનને તમામ વયના ઔદ્યોગિક કારીગરોને વેક્સીનેશન પૂરૂ પાડવા રજૂઆત કરવામાં આવેલ છે. ભારતની કુલ વસ્તીના ૫૦% જેટલી વસ્તી ૩૫ વયની ઉંમરનાની હોય, મોટાભાગના ઔદ્યોગિક કારીગરો, વ્યાપારીઓ અને ધંધાર્થીઓની ઉંમર ૧૮ વર્ષથી ૫૦ વર્ષ સુધીની હોય છે. આ સંજોગોમાં હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા ૪૫ વર્ષથી ઉપરની ઉંમરનાને જ વેક્સીન લેવાની સંમતિ આપવામાં આવેલ છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી દક્ષિણ ગુજરાત તથા સમગ્ર ભારતમાં કોવીડનો બીજો તબક્કો ચાલુ થયો હોય અને તેના કારણે સરકારશ્રી દ્વારા આંશિક લોકડાઉન લાવવાની પરિસ્થિતિ નિર્માણ થઈ હોય આવા સંજોગોમાં જો કોવીડની ચેઈન બ્રેક કરવી હોય તો તમામ વયના લોકોને જો વેક્સીનેશન પૂરૂ પાડવામાં આવે અને તેમાં ખાસ કરીને ઔદ્યોગિક પ્રવૃતિમાં જોડાયેલ કારીગરોને ફ્રન્ટ લાઈન વર્કર ગણી તાત્કાલિક વેક્સીનેશન પૂરૂ પાડવામાં આવે તો કોવીડની ચેઈનને આપણે અટકાવી શકીએ છીએ.

છેલ્લા ઘણાં દિવસથી યુવાન લોકોને પણ કોવીડ-૧૯નું સંક્રમણ થઈ રહ્યું હોય અને તેમાંના મોટા ભાગના ઔદ્યોગિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલા હોય તેની સીધી અસર દેશના આર્થિક વિકાસ ઉપર પણ પડી શકે છે. દેશ આર્થિક મુશ્કેલીમાં ન મૂકાય તે માટે ઔદ્યોગિક પ્રવૃતિમાં જોડાયેલ તમામ વયના નાગરિકોને વેક્સીનેશન પૂરૂ પાડવા જરૂરી છે. આ અંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રી તથા કેન્દ્રીય શ્રમ વિભાગના સચિવશ્રી તથા રાજ્યના શ્રમ વિભાગના સચિવશ્રીને પણ રજૂઆત કરવામાં આવેલ છે.